**ફોજદારી કેસ નંબર–૨૪૯/૨૦૨૪**

<table>
<tr><td>GJJM090002972024</td><td>કેસ દાખલ તા.: ૧૬/૦૪/૨૦૨૪<br>કેસ નોંધ્યા તા.: ૧૬/૦૪/૨૦૨૪<br>ઠરાવ જાહેર તા.: ૨૦/૦૪/૨૦૨૬<br>અવધિ:૦૨ વર્ષ,૦,માસ,૦૪ દીવસ</td></tr>
</table>

**જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી......** નાગજી મચ્છાભાઈ ઝાપડા
ઉ.વ.–૪૨, ધંધો–ખેતી
રહે. બાદનપર ગામ, તા.જોડીયા, જિ.જામનગર

**ગુનો:**–ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ | શ્રી એન.કે.પરમાર |
| બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ | શ્રી જે.ડી.માંકડ |

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૫/૦૨/૨૦૨૩ના રોજ ક.૧૯/૫૦ વાગ્યાના સુમારે બાદનપર ગામના ધણચોકની બાજુમાં કનકેશ્વર મહાદેવના મંદીર જતા રસ્તા પર ફરીયાદીને ભુંડી ગાળો આપી લાકડીનો એક ઘા ફરીયાદીના જમણા હાથના અંગુઠા ઉપર તથા એક ઘા ફરીયાદીના ડાબા હાથની કોણીથી ઉપરના ભાગે મારતાં ડાબા હાથમાં ફ્રેક્ચર જેવી ઈજા થતાં અને ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૩૦૦૨૧/૨૦૨૩ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીને પ્રોસેસની બજવણી થતા, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીની આંક–૫ થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

## –: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી પરબતભાઇ વાલજીભાઇ વકાતરની જુબાની | ૮ |
| ૨ | અસલ ફરીયાદ | ૯ |
| ૩ | પંચ સાહેદ મનસુખભાઇ ધરમશીભાઇ ઘેટીયાની જુબાની | ૧૩ |
| ૪ | પંચનામાની ખરી નકલ | ૧૪ |
| ૫ | પંચ સાહેદ ફારૂકભાઇ અબ્બાસભાઇ છરેચાની જુબાની | ૧૭ |
| ૬ | પંચનામાની ખરી નકલ | ૧૮ |
| ૭ | પંચ સાહેદ જીતેન્દ્રભાઇ મનસુખભાઇ પરમારની જુબાની | ૧૯ |
| ૮ | પંચ સાહેદ પ્રદીપ મનસુખભાઇ કાનાણીની જુબાની | ૨૩ |
| ૯ | સાહેદ મીત બીજલભાઇ વકાતરની જુબાની | ૨૪ |
| ૧૦ | સાહેદ દેવાભાઇ બચુભાઇ ઝાપડાની જુબાની | ૨૫ |
| ૧૧ | સાહેદ કવિતાબેન પરબતભાઇ વકાતરની જુબાની | ૨૮ |
| ૧૨ | સાહેદ નારણભાઇ વાલજીભાઇ વકાતરની જુબાની | ૨૯ |
| ૧૩ | સાહેદ બીજલભાઇ વાલજીભાઇ વકાતરની જુબાની | ૩૨ |
| ૧૪ | સાહેદ છગનભાઇ મચ્છાભાઇ ઝાપડાની જુબાની | ૩૮ |
| ૧૫ | સાહેદ ડો. નારણભાઇ કરશનભાઇ જાદવની જુબાની | ૩૯ |
| ૧૬ | સારવાર સર્ટીફીકેટ એમ.એલ.સી. | ૪૦ |
| ૧૭ | ઓ.પી.ડી. કેસ પેપર્સ, પોલીસ યાદી, વોર્ડની ફાઇલ | ૪૧ |
| ૧૮ | સાહેદ રેવાભાઇ મચ્છાભાઇ ઝાપડાની જુબાની | ૪૨ |
| ૧૯ | ત.ક.અ. જીતેશભાઇ કરશનભાઇ મકવાણાની જુબાની | ૪૩ |
| ૨૦ | જાહેરનામાની ખરી નકલ | ૪૪ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા બાદ વિ.એ.પી.પી.શ્રીની આંક–૪૫ થી પુરાવો પુરો થયાની પુરશીસ આપી પુરાવો પુરો થયો હોવાનુ જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકિકતનો સ્વિકાર કરેલ છે. જ્યારે બાકીના પુછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કાર ભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજુઆત કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૬) ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૫/૦૨/૨૦૨૩ના રોજ ક.૧૯/૫૦ વાગ્યાના સુમારે બાદનપર ગામના ધણચોકની બાજુમાં કનકેશ્વર મહાદેવના મંદીર જતા રસ્તા પર ફરીયાદીને ભુંડી ગાળો આપી લાકડીનો એક ઘા ફરીયાદીના જમણા હાથના અંગુઠા ઉપર તથા એક ઘા ફરીયાદીના ડાબા હાથની કોણીથી ઉપરના ભાગે મારતાં ડાબા હાથમાં ફ્રેક્ચર જેવી ઈજા થતાં અને ફરીયાદીને જાનથી મારી |

| | |
|---|---|
| | નાખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્ધાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં. |
| **(૨)** | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**<u>(૮) મુદ્ધા નંબર ૧</u> ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્ધારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્ધારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૮ થી ફરીયાદી પરબતભાઇ વાલજીભાઇ વકાતરને તપાસવામાં આવેલ

છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓના પરીવારમાં તેઓની પત્ની કવીતા એક દીકરી અને એક દીકરો કિશન છે. તેઓ મજુરી કામ કરે છે. બનાવ વખતે તેઓ ખેતીની જમીન ભાગમાં વાવતા હતા. સદર બનાવ ૨૦૨૩ ના બીજા મહીનામાં બનેલો. બનાવ ૧૫ તારીખે સાંજના ૬–૦૦ વાગ્યે બનેલો. તેઓ પોતાનું મોટરસાઈકલ લઈને ભેંસુ દોવા તેઓના ઘરેથી અવેડા જતા હતા ત્યારે નાગજી મચ્છા લાકડી લઈને ઉભો હતો અને તેમને કાંઈ વસ્તુની ખબર ના હતી. તે તેમને અચાનક મારવા લાગ્યો અને ગાળો આપવા લાગ્યો. તેમને લાકડીનો ઘા ડાબા હાથની કોણીથી ઉપરના ભાગે કરેલ અને બીજો ઘા પગે મારેલ. ત્યારબાદ બનાવ બનેલ ત્યારે બીજા લોકોએ તેમને નોંખા પાડેલ અને આરોપીએ તેમને મારી નાંખવાની ધમકી આપેલ અને ચાલ્યા ગયેલ. તેમને ઈજા બાબતે પ્રથમ જોડિયા અને ત્યારબાદ રાજકોટ સરકારી હોસ્પીટલમાં સારવાર લીધેલી. સદર બનાવનું કારણ તેઓના ગામના પટેલની જમીન વાવતા હતા અને ત્યારબાદ તે પટેલે ના પાડેલી અને તેઓએ વાવવા માટે રાખેલ હોય અને જેનો ખાર રાખી તેમને ઈજા પહોંચાડેલ અને તેઓનો હાથ ભાંગી ફ્રેકચર જેવી ઈજા કરી હાથ નોંખો કરી નાંખેલ. તેઓએ નાગજી ઝાપડા વિરૂધ્ધ જોડિયા પો.સ્ટે માં ફરીયાદ આપેલી ત્યારે તેઓના ભત્રીજા મીત બીજલભાઈ વકાતર હાજર હોય તેના રૂબરૂ તેઓએ અંગુઠો કરી આપેલ. તેમને અસલ ફરીયાદ બતાવતા અંગુઠાનું નિશાન છે, સદર ફરીયાદ પુરાવામાં રજુ દા.આં.૦૯ આપવામાં આવે છે. તેમને મુદામાલ હથીયાર બતાવવામાં આવે તો તે ઓળખી શકે. મુદામાલ પાવતી નં–૬/૨૦૨૩ જોડિયા પો.સ્ટે ગુ. રજી. નં–૨૧/૨૦૨૩ ઈ.પી.કો કલમ ૩૨૩,૩૨૫,.. વિ ના કામે કબજે થયેલ મુદામાલ આર્ટીકલ નંબર બતાવતા જે જોઈને કહે છે કે આ લાકડી છે જે બનાવ વખતે હતી કે નહી તે બાબતે પુછતા જણાવે છે કે આ લાકડી હતી નહી આનાથી મોટી લાકડી હતી. આરોપીને તેઓ જોયેથી ઓળખે છે. આરોપી નામ. કોર્ટમાં હાજર છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, કહેવાતી બનાવવાળી જગ્યાએ બાદનપરથી કનકેશ્વર મહાદેવનો રસ્તો આવેલ છે, મંદિર પર દર્શન કરવા વાળા વ્યક્તિઓ આજ રસ્તા પરથી પસાર થાય છે, સદર રસ્તા પર આજુબાજુ વાડા તથા ખેતીની જમીનો પણ આવેલી છે, ઢોર ઢાંખર ક્યારેક ભડકે તો કોઈપણ વ્યક્તિને લગાડી શકે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૨) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૪ વાળા બનાવવાળી જગ્યાના પંચનામાનાં પંચ સાહેદ મનસુખભાઈ ધરમશીભાઈ ઘેટીયાનાઓને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને જોડિયા પોલીસ સ્ટેશનના ગુન્હા રજીસ્ટર્ડ નંબર: ૨૧/૨૦૨૩, ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૫ વિગેરેના કામે બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જેમાં પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે સદર પંચનામાને પુરાવામાં આંક–૧૪ આપવામાં આવે છે આ સહી તેઓએ બાદનપર ગામે આવેલ ગાયોનો ધણચો કહે છે ત્યાં કરેલી અને તેઓએ સહી કરેલી ત્યારે ત્યાં કોઈ હાજર ના હતુ તેઓ કનકેશ્વર મહાદેવના દર્શન કરી પરત ફરતા હતા ત્યારે પોલીસ વાળાઓએ સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી અને પરબત વાલા જે તેઓને ત્યાં મજુરી કરતા તેને મારેલ હોય તે બાબતની પંચનામામાં સહી કરેલી અને આ સહી કર્યા પછી કોઈ બનાવ બનેલ હોય તે સંદર્ભમાં પોલીસે તેઓની પંચનામામાં સહી લીધેલ હોય તેવુ બનેલ નથી. સદર પંચ સાહેદને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, તા.૧૬/૦૨/૨૦૨૩ના રોજ પોલીસ રૂબરૂ પંચનામું કરેલ અને તેઓએ સહી કરેલ ત્યારે લખાવેલ કે ત્યાં એક ઈસમ હાજર હોય જે બીજલભાઈ વાલજીભાઈ વકાતર રહે. જામનગર વાળા સદર જગ્યાએ હાજર હતા. એ

સિવાયની હકિકતનો ઈન્કરા કરેલ છે. બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

ત્યારબાદ આંક–૧૩ વાળા પંચનામાના પંચ સાહેદ પ્રદીપ મનસુખભાઇ કાનાણીનાઓને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને એકાદ વર્ષ ઉપર જોડીયા પોલીસે બાદનપર ગામ પાસે તેઓ જતા હતા ત્યારે તેમને રોકીને પુછતાછ કરેલ, તેઓનું નામ સરનામું પુછેલ અને કઇ જગ્યા છે તે પુછેલુ. ત્યાં બીજલભાઇ વાલાભાઇ રહે. બાદનપરવાળા ઉભા હતા. ત્યાં સ્થળ ઉપર તેઓએ કશુ જોયેલ નહી પરંતુ બીજલભાઇને તેના ભાઇ જોડે માથાકુટની બાબતો અંગે વાતો કરતા હતા અને બીજલભાઇના ભાઇએ તેઓને મારી લીધેલ તે બાબતની ચર્ચા થતી હતી. માથાકુટ કઇ બાબતેની થયેલી તેની તેમને ખબર નથી. જોડીયા સાઇડ આવતા રસ્તા પર પાછળની સાઇડમાં એક મહાદેવનું મંદીર આવેલ છે અને સામેની સાઇડ પાણીનો અવેડો આવેલો છે. તેઓને આંક–૧૪ વાળુ પંચનામું બતાવતા તેમાં પંચ–૨ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. આ લખાણ પંદરથી વીસ મીનીટ ચાલેલ. સદર પંચ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરવામાં આવતા એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે, બનાવ બાબતે તેઓને અંગત જાત માહીતી નથી, પંચનામામાં સહી કર્યા સિવાય બીજી તેમને ખબર નથી.

આંક–૧૮ વાળા અટક પંચનામાના પંચ સાહેદ ફારૂકભાઇ અબ્બાસભાઇ છરેચાનાઓને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે તથા પંચ સાહેદ જીતેન્દ્રભાઇ મનસુખભાઇ પરમારનાઓને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. જે તમામ પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાઓની કોઇ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા પંચનામાઓની કોઇ હકિકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. આંક–૧૮ વાળા પંચનામાના પંચ સાહેદોને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ

સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૮ વાળુ પંચનામું સાબીત થતુ નથી.

(૮.૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૪ થી સાહેદ મીત બીજલભાઇ વકાતરને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પરબતભાઇ વાલજીભાઇ વકાતર તેઓના સગા કાકા થાય છે. બનાવ તેરેક મહીના પહેલા બાદનપર પાસે આવેલ ભેંસોના વાડા પાસે સાંજના પાંચ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ વખતે તેઓ પોતાના ઘરે ગામડે હતા. તેઓના સગા કાકા પરબતભાઇનો ફોન આવેલ અને તેઓને જણાવેલ કે, નાગજીભાઇએ તેઓનો હાથ લાકડી મારીના ભાંગી નાખેલ છે તેવુ તેઓને જણાવેલ. જેથી તેઓ જોડીયા હોસ્પિટલે ગયેલ. ડોક્ટર સાહેબે જણાવેલ કે આ પરબતભાઇનો હાથ ભાંગી ગયેલ છે જેથી વધુ સારવાર માટે રાજકોટ લઇ ગયેલ અને તેઓ પણ ઇકો ગાડી ભાડે કરીને ત્યાં સાથે ગયેલ. સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતે તેઓના કાકાને દાખલ કરેલા ત્યાં ડોક્ટર સાહેબે ઓપરેશન કરેલુ અને ત્યાં પોલીસ આવેલ અને ત્યાં લખાણ કરેલુ. દાખલ કરીને તેઓ પાછા ઘરે આવતા રહેલ અને તેઓના કાકા પરબતભાઇ છ દિવસ ત્યાં રોકાયેલા. આ બનાવ બાબતની ફરીયાદ તેઓના કાકાએ જોડીયા પોલીસ સ્ટેશનમાં નાગજીભાઇ વિરૂદ્ધ આપેલી અને પોલીસે તેઓનું નિવેદન લીધેલુ.આરોપીને અદાલતમાં ઓળખી બતાવે છે. આ બનાવનું કારણ વાડી ભાગમાં રાખવા બાબત અંગે બનેલ. આનાથી વિશેષ તેઓને કાંઇ કહેવુ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી બનાવ સમયે તે પોતાના ઘરે હતા, આરોપી તેઓની જ્ઞાતિના ગામના અને તેઓના મામા

થતા હોય ઓળખે છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૫ થી સાહેદ દેવાભાઈ બચુભાઈ ઝાપડાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પરબતભાઈ વાલજીભાઈ વકાતર તેઓના પાડોશી થાય છે. બનાવ બે વર્ષ પહેલા બાદનપર ગામે ગાયુના ગોંદરા પાસે બપોર પછી બનેલો. બનાવ વખતે તેઓ હોટલે હાત. બીજે દીવસે ગામના લોકો વાતો કરતા હતા અને જાણવા મળેલ કે પરબતભાઈ અને નાગજીભાઈ વચ્ચે ડખો થયેલો. શેનો ડખો થયેલો તે તેઓને યાદ નથી અને પરબતભાઈ સાથે શું થયેલુ તેની મને કોઈ જાત માહીતી નથી. બનાવ બાબતની ફરીયાદ કોણે આપેલી તે તેઓને ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલુ. ત્યારબાદ ફરીયાદપક્ષે સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરી પ્રશ્ન પુછતા એ હકિકત સ્વિકારેલ છે કે, તારીખ ૧૬/૦૨/૨૦૨૩ના રોજના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેઓએ એવુ લખાવેલ છે કે, પરબતભાઈએ તેઓને જણાવેલ કે તેઓ ભેંસો દોવા જતા હતા ત્યારે રસ્તામા નાગજીભાઈ મચ્છાભાઈ તેના પાસે લાકડી લઈને ઉભેલ હોય અને આ નાગજીભાઈએ ઉશ્કેરાઈ ગયેલ અને નાગજીભાઈએ જમણા હાથમાં અંગુઠા ઉપર તથા ડાબા હાથની કોણીથી ઉપરના ભાગે લાકડીનો ઘા મારેલો.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ વખતે તેઓ હોટલે હતા બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ બાબતે તેઓને કોઈ અંગત જાત માહીતી નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૮ થી સાહેદ કવિતાબેન પરબતભાઈ વકાતરને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી તેણીના પતિ થાય છે. બનાવને આશરે એક વર્ષ થયેલ છે સદર બનાવ બાદનપર ગામમાં આવેલ કનકેશ્વર મંદિર પાસે સાંજના છ વાગ્યે બનેલ. બનાવ સમયે તેઓ ઘર પર હતા. તેણીના પતિ ભેંસો દોવા માટે ગયેલા. તેણીના પતિ ભેંસો દોવા જતા હતા ત્યારે પાછળથી નાગજીભાઈએ લાકડી મારેલ. લાકડી મારવાથી તેણીના પતિનો હાથ ભાંગી ગયેલ. તેણીના પતિને ઈજા થતા જોડિયા સરકારી હોસ્પીટલમાં સારવાર અર્થે લાવેલ તેમજ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં સારવાર લીધેલ. આ બનાવ બાબતે તેણીના પતિએ જોડિયા પો.સ્ટેમાં ફરીયાદ આપેલ. પોલીસે તેણીનું નિવેદન લીધેલ. આ કામના આરોપીને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેણી ઘરે હતા, બનાવ વાળી જગ્યાએ જાહેર રોડ આવેલ હોય તેમજ ખેતરો અને અન્ય વાડાઓ આવેલ છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૬) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૨૯ થી સાહેદ નારણભાઈ વાલજીભાઈ વકાતરને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પરબતભાઈ તેઓના સગા ભાઈ થાય છે. બનાવને આશરે એક વર્ષ થયેલ છે સદર બનાવ બાદનપર ગામમાં આવેલ કનકેશ્વર મંદિર પાસે સાંજના પાંચ થી છ વાગ્યાના અરસામાં બનેલ. બનાવ સમયે તેઓ આણંદા ગામે હતા. ત્યારે તેઓના ભત્રીજા મીતુનો ફોન આવેલ અને જણાવેલ કે માથાકુટ થયેલ છે અને ભાઈનો હાથ ભાંગી નાંખ્યો છે અને તેઓને સારવાર માટે

સરકારી હોસ્પીટલ જોડિયા લઈ ગયા છીએ. જેથી તેઓ સરકારી હોસ્પીટલ જોડિયા આવેલ અને ત્યાંથી ડૉક્ટર સાહેબે કહેલ કે વધુ સારવાર માટે રાજકોટ મુકામે લઈ જાવ. જેથી તેઓ જોડિયા સરકારી હોસ્પીટલેથી ઘરે જતા રહેલ. પોલીસે તેઓનું નિવેદન લીધેલ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તેઓ આણંદા હતા, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગે કોઈ અંગત જાતમાહિતી નથી, બનાવ વાળી જગ્યાએ જાહેર રોડ આવેલ હોય તેમજ ખેતરો અને અન્ય વાડાઓ આવેલ છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૮.૭)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૨ થી સાહેદ બીજલભાઇ વાલજીભાઇ વકાતરને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પરબતભાઇ વાલજીભાઇ વકાતર તેઓ તેઓના સગા નાના ભાઇ થાય છે. બનાવ બે વર્ષ પહેલા ગામના પાદરમાં કનકેશ્વર જતા રસ્તા ઉપર સાંજના પાંચ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ વખતે તેઓ ઘરે હતા. આ બનાવ તેઓના નાના ભાઇને નાગજીભાઇ સાથે વાડી વાવવા બાબતે ઝઘડો થયેલો. તેઓના નાના ભાઇ મોટરસાઇકલ લઇને ગામથી ઘરે આવતા હતા ત્યારે આ કામના આરોપી નાગજીભાઇ તેના વાડા પાસે હતા. તેઓના ભાઇ નીકળતા આ નાગજીભાઇએ બોલાચાલી કરેલી અને નાગજીભાઇના હાથમાં લાકડી હતી તે લાકડી વડે હાથ ઉપર ખભાના ભાગે મારેલ. જેથી તેઓના ભાઇને દવાખાને રવજીભાઇ સામુહિક આરોગ્ય કેન્દ્ર જોડીયા ખાતે લઇ ગયેલ અને વધુ સારવાર માટે રાજકોટ લઇ ગયેલા. આ બનાવ અંગે તેઓના ભાઇએ જોડીયાના સરકારી દવાખાનામાં જ ફરીયાદ લખાવેલી. પોલીસે તેઓનું નિવેદન લીધેલુ. આરોપીને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, પહેલા તેઓ ડ્રાઈવીંગ કામ કરતા હતા, બનાવ વખતે તેઓ ઘરે હતા બનાવ તેઓએ નજરે જોયેલ નથી, બાદનપર ગામમાં પટેલોની વસ્તી વધારે છે, કનકેશ્વરવાળા રસ્તે પટેલોની વાડીઓ પણ આવેલી છે, આ કનકેશ્વર મંદીર જવાનો મુખ્ય રસ્તો છે અને આજ રસ્તે દર્શન કરવા જઇ શકાય છે તેમજ આજુબાજુના ભરવાડ સમાજના વાડા આવેલા છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૮ થી સાહેદ છગનભાઈ મચ્છાભાઈ ઝાપડાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પરબતભાઇ તેઓ તેઓના સમાજના છે. બનાવ આજથી ચારેક વર્ષ પહેલા કનકેશ્વર રોડ પાસે આવેલા માલધારીના વાડા પાસે દિવસના બનેલ. બનાવ સમયે તેઓ વાડીએ હતા. આ બનાવ અંગે અમોને બીજા ત્રીજા દીવસે જાણવા મળેલ અને પરબતભાઇ અને નાગજીભાઇ વચ્ચે ઝઘડો થયેલો. આના સિવાય તેઓને બીજી કોઇ વિશેષ ખબર નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ નથી. ત્યારબાદ વિ. એપીપીશ્રી દ્વારા સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા વિશેષ કોઇ સમર્થનકારી પુરાવો મળેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તે પોતાની વાડી પર હતા, બનાવ બાબતે તેઓને અંગત જાત માહીતી નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

(૮.૯)        ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૩૯ થી સાહેદ ડો. નારણભાઈ કરશનભાઈ જાદવનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તાઃ–૧૫/૦૨/૨૦૨૩ના રોજ તાત્કાલીક સારવાર વિભાગ સિવિલ હોસ્પીટલ, રાજકોટ ખાતે પોતાની ફરજ પર હતા ત્યારે પરબતભાઈ વાલજીભાઈ વકાતર, રહે. બાદનપર, તા.જોડિયા, જી.જામનગર નાઓને રાત્રીના ૧૧–૦૦ કલાકે સારવાર માટે લઈ આવવામાં આવેલ તેને પુછી જોતા તેઓને નાગજી મચ્છાએ લાકડી વડે બાદનપર ગામે સાંજના છ વાગ્યે માર માર્યાનો ઈતીહાસ જાણવા મળેલ. તેને તપાસી જોતા તેઓ ભાનમાં હતા અને સભાન અવસ્થામાં હતા. શારીરિક તપાસી જોતા નીચે મુજબની ઈજાઓ જાણવા મળેલ. ડાબા બાવળા પર દુખાવો અને સોજો જોવા મળેલ હતો. તેઓને સર્જીકલ વોર્ડ કે જે હાડકાની સારવારનો વોર્ડ છે તેમાં દાખલ કરવામાં આવેલ હતા. જ્યાં તેઓનું એક્સ રે તથા બીજા ઈન્સ્વેસ્ટીગેશન કરવામાં આવેલ હતા. તેઓના એક્સ રે નંબર–૮૨૨૨, તાઃ–૧૫/૦૨/૨૦૨૩ માં રેડીયોલોજીના અભિપ્રાય મુજબ ડાબા બાવળાના હ્યુમરસ નામના બોનમાં ઉપરના ભાગમાં ફ્રેકચર જોવા મળેલ. તેઓની સોનોગ્રાફીમાં કાઈ અસામાન્ય જોવા મળેલ નથી.

તેઓને સારવાર આપી ઓપરેશન કરી અને તાઃ–૨૧/૦૨/૨૦૨૩ ના રોજ હોસ્પીટલમાંથી રજા આપવામાં આવેલ હતી. ઉપરોક્ત ઈજા સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે અને ગંભીર પ્રકારની હતી. આજરોજ નામ. કોર્ટમાં એમ.એલ. સી નંબર–૧૯૫૯/૨/૨૩, તાઃ–૧૫/૦૨/૨૦૨૩ વાળુ પરબતભાઈ વાલજીભાઈ વકાતરનું સારવાર સર્ટી આ સાથે રજુ દા.આં.૪૦. તેમાં મેડીકલ ઓફીસર તરીકે એન. કે. જાદવ એટલે કે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. આજરોજ તેઓની સાથે લાવેલ ઓ.પી.ડી. કેસ પેપર્સ, પોલીસ યાદી, તથા દર્દીની વોર્ડની દાખલ ફાઈલ જેમાં ૨૪ કાગળો છે જે રજુ દા.આં.૪૧.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, ઉપરોક્ત જણાવેલ ઈજા કોઈ વ્યક્તિ પડી જાય, ઢોર લગાડી દે કે બાઈક પરથી પડી જવાથી પણ થઈ શકે.

**(૮.૧૦)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૨ થી સાહેદ રેવાભાઈ મચ્છાભાઈ ઝાપડાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પરબતભાઈ તેઓ તેઓના ગામના છે. બનાવ બારેક મહીના જેટલો સમય થઈ ગયેલ. બનાવ સમયે તેઓ પોતાની વાડીએ હતા ત્યારે બીજા દીવસે જાણવા મળેલ અને પરબતભાઈ અને નાગજીભાઈ વચ્ચે ઝઘડો થયેલો. આનાથી વિશેષ તેઓ કાંઈ જાણતા નથી. પોલીસે તેઓનું નિવેદન લીધેલ. ત્યારબાદ વિ. એપીપીશ્રી દ્વારા સદર સાહેદને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતા વિશેષ કોઈ સમર્થનકારી પુરાવો મળેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવ સમયે તે પોતાની વાડી પર હતા, બનાવ તેઓએ નજરે જોયેલ નથી અને બનાવ અંગે તેઓને અંગત જાત માહીતી નથી. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૮.૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૪૩ થી તપાસ કરનાર અમલદાર જીતેશભાઈ કરશનભાઈ મકવાણાને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તાઃ–૧૫/૦૨/૨૦૨૩ ના રોજ જોડિયા પો.સ્ટે. માં તેઓ વીલેજ બીટ ઈન્ચાર્જ તરીકે પોતાની ફરજ પર હતા ત્યારે જોડિયા પો.સ્ટે ગુ. રજી. નં–૧૧૨૦૨૦૨૫૨૩૦૦૨૧/૨૦૨૩,ઈ.પી.કો કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪,

૫૦૬(૨) તથા જી.પી. એક્ટ ૧૩૫(૧) ના કામે ફરીયાદી પરબતભાઈ વકતાર નાઓએ પી.એસ.ઓ જી. જી. જાડેજા નાઓએ ફરીયાદ રજી. કરી તેઓ તરફ ડેપ્યુટ કરતા તેઓએ ફરીયાદનો અભ્યાસ કરી સદર કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આરોપીનું અટક પંચનામું કરેલુ તથા મુદ્ધામાલ કબજે કરેલ તથા લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ. ત્યારબાદ ફરીયાદીનું ઈજાનું પ્રમાણપત્ર મેળવેલ અને જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામાને આ સાથે રજુ કરેલ. આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને જોયેથી ઓળખે છે. આજરોજ આરોપી નામ. કોર્ટમાં હાજર છે. તેમને આંક–૧૪ વાળા પંચનામાંની ખરીનકલ બતાવવામાં આવે છે જે તેઓની રૂબરૂમાં બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ તે જ છે અને તેમાં રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને આંક–૧૮ વાળા અટક પંચનામાંની ખરીનકલ બતાવવામાં આવે છે જે તેઓની રૂબરૂમાં બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ તે જ છે અને તેમાં રૂબરૂ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. તેમને ડી.એમ. સાહેબના હથીયારબંધી જાહેરનામાંની તાઃ–૦૭/૦૨/૨૦૨૩ ની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં અધિ જીલ્લા મેજી. સાહેબની સહી છે, તેઓએ તપાસના કામે મેળવેલ નકલ છે જે કામમાં રજુ દા.આં.૪૪.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતીની જમીનો આવેલ છે તેમજ કનકેશ્વર જવા માટેનો મુખ્ય રસ્તો છે અને ત્યાં માણસોની સતત અવરજવર રહે છે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ભરવાડ સમાજના ઘણાબધા વાડા પણ આવેલા છે, અધિ. જીલ્લા મેજી. સાહેબના હથીયારબંધીના જાહેરનામાંની બહોળી પ્રસિધ્ધી કરેલ હોય તે અંગેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી, આ કામે જે સાહેદોના નિવેદનો લીધેલા છે તે મોટા ભાગે ફરીયાદીના સગા સંબંધીઓ છે. આ

સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઈ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ – સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષાઃ–**

જે કોઈ વ્યક્તિ, કલમ ૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૫ – સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરવા માટે શિક્ષાઃ–**

જે કોઈ વ્યક્તિ, કલમ ૩૩૫માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપૂર્વક મહાવ્યથા કરે તેને સાત વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ – સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ

કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ઃ– ગુનાહિત ધમકી માટેની શિક્ષા :–**

જે કોઈ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાનું હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આ કામે બનાવવાળી જગ્યાના પંચ સાહેદ મનસુખભાઇ ધરમશીભાઇ ઘેટીયાની આંક–૧૩ ની જુબાની જોવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે તેઓએ સહી કરેલી ત્યારે કોઇ હાજર ના હતુ. તેઓ દર્શન કરી પરત આવતા હતા ત્યારે પોલીસવાળાઓએ સહી કરવાનું કહેતા સહી કરેલી તેમજ સદર પંચનામાના પંચ સાહેદ પ્રદીપ મનસુખભાઇ કાનાણીની આંક–૨૩ ની જુબાની જોવામાં આવે તો ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે પંચનામામાં સહી કર્યા સિવાય બીજી તેઓને ખબર નથી. જેથી સદર પંચનામું શંકાસ્પદ જણાઇ આવે છે.

આ કામે આરોપીની અટક કર્યાના પંચ સાહેદોને તપાસવામાં આવતા તેઓએ પંચનામાની હકિકતોને સમર્થન આપેલ નથી. જેથી તેઓને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોઇ અટક પંચનામું પુરવાર થતુ નથી.

આ કામે આંક–૮ થી ફરીયાદીને તપાસેલ છે તથા આંક–૨૪ થી સાહેદ મીત બીજલભાઇ મકવાણાને તપાસેલ છે જેઓ ફરીયાદીના ભત્રીજા છે તથા આંક–૨૮ થી સાહેદ કવિતાબેન પરબતભાઇ વકાતરને તપાસેલ છે જે ફરીયાદીના પત્નિ છે તથા આંક–૨૯ થી સાહેદ નારણભાઇ વાલજીભાઇ વકાતરને તપાસેલ છે જે ફરીયાદીના ભાઇ છે તથા આંક–૩૨ થી બીજલભાઇ વાલજીભાઇ વકાતરને તપાસેલ છે. જેઓ પણ ફરીયાદીના ભાઇ છે. આમ ઉપરોક્ત તમામ સાહેદો ફરીયાદીના કુટુંબી છે. જેથી ફરીયાદી તથા તેમના કુટુંબીજનો ફરીયાદને અનુરૂપ પુરાવો આપે તે સ્વાભાવિક છે.

આ સિવાય આંક–૩૮ થી સાહેદ છગનભાઇ મચ્છાભાઇ ઝાપડાને તપાસેલ છે તથા આંક–૪૨ થી રેવાભાઇ મચ્છાભાઇ ઝાપડાને તપાસેલ છે. જેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોઇ ફરી ગયેલ જાહેર કરેલ છે. જેઓએ ફરીયાદ હકિકતને સમર્થન આપેલ નથી. તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં કોઇ સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

આ કામે આંક–૩૯ થી તપાસેલ સાહેદ ડો.નારણભાઇ કરશનભાઇ જાદવને તપાસેલ છે. જેઓએ ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરેલ છે કે તેઓએ જણાવેલ ઇજા કોઇ વ્યક્તિ પડી જાય, ઢોર લગાડી દે કે બાઇક પરથી પડી જવાથી પણ શકે છે.

આ કામે તપાસ કરનાર અમલદારને આંક–૪૩ થી તપાસેલ છે. તેઓએ ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતીની જમીનો આવેલ છે તથા કનકેશ્વર જવા માટેનો રસ્તો છે અને ત્યાં માણસોની સતત અવર જવર રહે છે તથા બનાવવાળી જગ્યાની આજુબાજુ ભરવાડ સમાજના ઘણા બધા વાડા પણ આવેલા છે. સદર બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે તેમ છતાં બનાવ નજરે જોનાર તથા આજુબાજુના વાડાવાળા કોઈ વ્યક્તિઓના નિવેદન લીધેલ નથી. આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાના કામે બનાવમાં વપરાયેલ લાકડી કબ્જે કરેલ છે જે મુદ્દામાલ લાકડી ફરીયાદીને બતાવતા ફરીયાદી તે લાકડી નહી હોવાનું જણાવે છે તે લાકડી તેનાથી મોટી હોવાનું જણાવે છે. બનાવ વખતે આરોપીની પત્નિએ આરોપીને પકડી રાખેલાની હકિકત જણાવેલ છે પરંતુ તેણીનું નિવેદન તપાસ કરનાર અમલદાર દ્વારા લેવામાં આવેલ નથી.

આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) નો આક્ષેપ છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટનાઓએ 2007 (1) G.L.H. 337, Pravinbhai Becherbhai Vankar and Ors. Versus State of Gujarat ના ચુકાદામાં ઠરાવેલ છે કે, In order to convict an accused under section 504 of Indian Penal Code the actual words used by accused must be coming on record by the prosecution from the mouth of the witness. The insult as envisaged in s.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence. સદર કામે આરોપી દ્વારા ફરીયાદીને કઈ ગાળો આપેલ તે જણાવેલ નથી તથા આવી ગાળોથી તેઓને કોઈ ઉશ્કેરણી થઈ હોઈ તેવો પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આજ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે In order to convict an accused

under setion 506(2) of the Indian Penal Code, threat as contemplated in s.506 must cause alarm in the mind of person so threatened. જે બાબતે હાલના કામે ફરીયાદી દ્વારા જાનથી મારી નાખવાની ધમકીથી તેઓને જીવનું જોખમ લાગેલ હોય તેમ જણાવતા નથી. ફરીયાદી આજ પણ બાદનપર મુકામે રહે છે અને પોતાની નિયમિત આજીવિકા રળે છે. આજદિન સુધી તેઓને આ ધમકીના લીધે વેઠવુ પડેલ હોઇ તેવુ જણાવેલ નથી. આ કામે ફરીયાદી સિવાયના કોઇપણ સાહેદો દ્વારા આરોપીએ ફરીયાદીને ગાળો આપેલ હોઇ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઇ તેવી હકિકત જણાવેલ નથી. જેથી આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનામાં તક્સીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આ કામે તપાસ કરનાર અમલદારે પોતાની ઉલટતપાસમાં સ્વિકારેલ છે કે અધિક જિલ્લા મેજી. સાહેબના હથિયારબંધીના જાહેરનામાની બહોળી પ્રસિદ્ધી કરેલ હોય તે અંગેના કોઇ પુરાવા રજુ કરેલ નથી. આમ ફરીયાદપક્ષ દ્વારા આરોપી વિરૂદ્ધ જી.પી.એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરી શકેલ ન હોય આરોપીને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આરોપી વિરૂદ્ધ શંકા રહિત પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે. આ કામે ફરીયાદી તથા તેમના કુટુંબીજનોને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદ મુજબનો પુરાવો આપે તે સ્વાભાવિક છે. આ કામે કોઇપણ સાહેદે બનાવ બનતા નજરે જોયેલ નથી. સ્વતંત્ર અને નજરે જોનાર સાહેદો દ્વારા ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ થયેલ નથી. ફરીયાદીને થયેલ ઇજા પડી જવાથી કે ઢોર લગાડી દે કે બાઇક

પરથી પડી જવાથી પણ થઇ શકે. જેથી આરોપી દ્વારા જ ફરીયાદીને ઈજા કરેલ છે તેવુ ચોક્કસ રીતે કહી શકાય તેવો કોઇ સ્પષ્ટ અને તટસ્થ પુરાવો રજુ થયેલ નથી.

નામ. સુપ્રિમ કોર્ટના BAL SINGH MARWAH VS MEENAKSHI MARWAH, (2005) 4 SCC 370: AIR 2005 SC 2119ના ચુકાદામાં જણાવેલ છે કે, It was observed that civil cases are decided on the basis of preponderance of evidence while in a criminal case the entire burden lies on the prosecution and proof has to be beyond reasonable doubt. આમ, ફરીયાદપક્ષે નિશંકપણે પોતાનો કેસ પુરવાર કરવાનો રહે છે જે કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના આરોપી નાગજી મચ્છાભાઈ ઝાપડા રહે. બાદનપર ગામ, તા.જોડીયા, જિ.જામનગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

**3.** મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૨૦ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૨૦/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩